<table>
<tr><td rowspan="5">GJJN120004072026</td><td rowspan="5">सत्यमेव जयते</td><td>દાખલ તારીખ</td><td colspan="3">૨૦/૦૫/૨૦૨૬</td></tr>
<tr><td>નોંધ્યા તારીખ</td><td colspan="3">૨૦/૦૫/૨૦૨૬</td></tr>
<tr><td>ફેંસલ તારીખ</td><td colspan="3">૧૮/૦૭/૨૦૨૬</td></tr>
<tr><td rowspan="2">સમયગાળો</td><td>વર્ષ</td><td>માસ</td><td>દિવસ</td></tr>
<tr><td>૦૦</td><td>૦૧</td><td>૨૯</td></tr>
</table>

**મહેરબાન વિસાવદરના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ (બી.એચ.ભટ્ટ) સાહેબશ્રીની કોર્ટમાં, મુ.વિસાવદર, જી.જુનાગઢ.**

ફોજદારી કેસ નંબર–૨૪૭/૨૦૨૬
આંક–૧૧.

**ફરીયાદી :–** શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપીઓ:–** (૧) ભીખાલાલ વ્રજલાલ ખીરૈયા,
ઉ.વ.૬૦, ધંધો–નિવૃત
રહે.ટેલીફોન એકસચેન્જ પાસે,વિસાવદર,
તા.વિસાવદર,જી.જુનાગઢ.

(૨) મહેબુબભાઈ સીદીભાઈ મુલતાની,
ઉ.વ.૫૩, ધંધો–રૂ પીલાવાનો,
રહે.જુના અપાશરા પાસે,વિસાવદર,
તા.વિસાવદર,જી.જુનાગઢ.

ફરીયાદ પક્ષ તર્ફે વિ. એ.પી.પી. શ્રી
આરોપીઓ તર્ફે વિ. વકીલ શ્રી યુ.બી.દાહીમા

**:: જ જ મે ન્ટ :**

**(૧).** આ કામે ફરીયાદ પક્ષના ફરીયાદની ટુંકમાં હકીકત એવી છે કે,આ કામના આરોપીઓએ તા.૦૫/૦૧/૨૦૨૬ ના રોજ કલાક ૧૬/૪૦ વાગ્યે વિસાવદર ટેલીફોન એકસચેન્જ પાસે જાહેરમાં વરલી મટકાના આંક લખી પૈસાની હાર જીત કરી આંક ફરકનો જુગાર રમી રમડતા રોકડ રકમ

(બી.એચ.ભટ્ટ)
જ્યુડી. મેજી. ફ.ક.કોર્ટ,વિસાવદર

રૂ.૯૦૦/– તથા વરલી મટકાના જુગારના સાહિત્યની ચીઠ્ઠી તથા એબ બોલપેન કિં.રૂા.૦૦/૦૦ એમ મળી કુલ કિંમત રૂા.૯૦૦/– ના મુદામાલ સાથે આરોપીઓ રેઈડ દરમ્યાન મળી આવી અને આ આંક ફરકનો જુગાર આરોપી નં.ર ની પાસે આંક કપાવી આંક ફરકનો જુગાર રમી આરોપી નં.ર નાઓ રેઈડ દરમિયાન હાજર નહિ મળી આવી પાછળથી પકડાઈ જઈ આરોપીઓએ જુગારધારાની કલમ ૧ર(અ) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરતા અને જે અંગેની ફરીયાદ થતા, તેવો સામે હાલનુ ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨). આરોપીઓને સમન્સની બજવણી થતાં તેઓ અદાલત રૂબરૂ હાજર થતાં **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ ૨૩૦** ની જોગવાઈઓ અન્વયે પોલીસ તપાસનાં કાગળોની નકલ વિનામુલ્યે આપી **આંક–૦૪ અને આંક–૦૫ થી** આરોપીઓની પ્લી નોંધવામાં આવતાં ગુનો કરેલ હોવાનો ઈન્કાર કરેલ છે.જેથી ફરીયાદપક્ષનો કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩). ફરીયાદપક્ષે આરોપીઓ વિરૂધ્ધ પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

**:: મૌખિક પુરાવો ::**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૬ | ફરીયાદી પો.કો. પ્રફુલભાઈ કરશનભાઈ ભેડાની જુબાની |
| ૨ | ૦૮ | રેડ અંગેના તથા આરોપીઓના અટક તથા મુદ્દામાલ રીકવર કર્યા અંગેના પંચનામાના પંચ સાહેદ નં. ૧ શરીફભાઈ ઈસ્માઈલભાઈ દલની જુબાની |

(બી.એચ.ભટ્ટ)
જ્યુડી. મેજી. ફ.ક.કોર્ટ,વિસાવદર

| | | |
|---|---|---|
| ૩ | ૧૦ | તપાસ કરનાર અધિકારી એ.એસ.આઈ. દીનેશભાઈ નારણભાઈ ચાંચીયાની જુબાની |

## :: દસ્તાવેજી પુરાવો ::

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૭ | અસલ ફરીયાદ |
| ૨ | ૦૯ | રેડ અંગેનુ તથા આરોપીઓના અટક તથા મુદ્દામાલ રીકવર કર્યા અંગેનું પંચનામું. |

(૪). સદર કામે ફરીયાદ પક્ષ તરફે રજુ કરાયેલ લેખીત અને મૌખિક પુરાવાને ધ્યાને લેતા, આરોપીઓનું **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૩૫૧** વિશેષ નિવેદન નોંધવામાં આવેલ જેમાં આરોપીઓ તેમની વિરુધ્ધનો પુરાવો વાંચી, સંભળાવી, સમજાવતા આરોપીઓ મુખ્યત્વે ફરીયાદીએ ખોટી ફરીયાદ કરેલ હોવાનું, ખોટો પુરાવો હોવાનું જણાવે છે. તેમજ આરોપીઓને બચાવના સાહેદો તપાસવા છે કે કેમ ? અને સોંગદ ઉપર જુબાની આપવા માંગે છે કે કેમ ? તે બાબતે પુછતા આરોપીએ તેમના બચાવમાં સાહેદો તપાસવા નથી કે સોગંદ ઉપર જુબાની આપવી નથી તેમ જણાવેલ છે અને વિશેષમાં કાંઈ કહેવા માંગો છો તે અંગે આરોપીને પુછતા તેઓએ જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે, તેઓ ની સામે ખોટો કેસ કરેલ છે.

(૫). ઉકત વિગતોએ ફરીયાદપક્ષના કેસના નિર્ણય તેમજ નિકાલ સારુ મારી સમક્ષ નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

**૧.** શું ફરીયાદપક્ષે એ હકિકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ આરોપીઓએ તા.૦૫/૦૧/૨૦૨૬ ના રોજ કલાક ૧૬

/૪૦ વાગ્યે વિસાવદર ટેલીફોન એકસચેન્જ પાસે જાહેરમાં વરલી મટકાના આંક લખી પૈસાની હાર જીત કરી આંક ફરકનો જુગાર રમી રમડતા રોકડ રકમ રૂ.૯૦૦/– તથા વરલી મટકાના જુગારના સાહિત્યની ચીઠઠી તથા એબ બોલપેન કિં.રૂા.૦૦/૦૦ એમ મળી કુલ કિંમત રૂા.૯૦૦/– ના મુદામાલ સાથે આરોપીઓ રેઈડ દરમ્યાન મળી આવી અને આ આંક ફરકનો જુગાર આરોપી નં.ર ની પાસે આંક કપાવી આંક ફરકનો જુગાર રમી આરોપી નં.ર નાઓ રેઈડ દરમિયાન હાજર નહિ મળી આવી પાછળથી પકડાઈ જઈ આરોપીઓએ જુગાર ધારાની કલમ ૧૨(અ) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

**ર.** શું હુકમ ?

**(૬).** ઉપરોકત મુદા પરત્વે મારા ન્યાયીક નિર્ણયો નીચે જણાવેલ કારણોસર નીચે મુજબ છે.

૧. નકારમાં...

ર. આખરી હુકમ મુજબ...

## // કારણો //

**(૭).** ફરીયાદપક્ષે આરોપીઓ વિરુઘ્ધનું તહોમત સાબીત કરવા માટે **આંક –૦૬** થી ફરીયાદી **પો.કો.પ્રફુલભાઈ કરશનભાઈ ભેડા**ને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે.તેઓએ તેમની જુબાનીમાં ફરીયાદપક્ષના કેસને તથા તેઓ ઘ્વારા કરવામા આવેલ ફરીયાદને સમર્થનકારી પુરાવો આપેલ છે તેમજ ફરીયાદ હકિકત મુજબની હકિકત જણાવેલ છે જેથી અત્રે તેનું પુનરાવર્તન કરવામાં આવેલ નથી.તેમજ તેઓએ ફરીયાદમા તેમની સહી ઓળખી બતાવી **આંક–૦૭** થી રજુ રાખેલ છે.હાલના કામના આરોપીઓને

**(બી.એચ.ભટ્ટ)**
**જ્યુડી. મેજી. ફ.ક.કોર્ટ,વિસાવદર**

જોયે ઓળખતા હોવાનુ જણાવેલ છે.તેમજ ગુનાની આગળની તપાસ એ. એસ.આઈ. ડી.એન.ચાંચીયાને સોપેલાની હકિકત જણાવે છે.

ફરીયાદીની બચાવપક્ષે કરવામા આવેલ ઉલટતપાસમા ફરીયાદી એ એવી એવી હકીકતો જણાવે છે કે, ''એ વાત ખરી નથી કે,ફરીયાદમાં પંચો નામ જણાવેલ નથી.એ વાત ખરી નથી કે,તેઓ કોઈ જુગારની રેઈડમાં ગયેલ નહિ હોવા છતા કામગીરી બતાવવા ખોટી ફરીયાદ કરેલ છે.''

(૮). ફરીયાદપક્ષે આરોપીઓ વિરુધ્ધનું તહોમત સાબીત કરવા માટે **આંક –૦૯** થી રેડ અંગેનુ તથા આરોપીઓના અટક તથા મુદ્દામાલ રીકવર કર્યા અંગેનું પંચનામું રજુ રાખી.સદર કામે **આંક–૦૮** થી રેડ પંચનામાના પંચ સાહેદ નં.૧ **શરીફભાઈ ઈસ્માઈલભાઈ દલ**ને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. જેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમા જણાવેલ છે કે,'' પોલીસે તેઓને દસ–બાર કાગળોમાં સહિ કરવાનું કહેતા તેઓએ સહી કરેલી. તેમાં શુ લખેલ હતુ તે તેઓએ વાચેલ નહિ કે પોલીસે તેઓને વાંચી સંભળાવેલ નહિ.પોલીસે તેઓની રૂબરૂ કોઈ ઈસમોને જુગાર રમતા પકડેલ નથી.તેમજ તેઓની રૂબરૂમાં આરોપીઓ પાસેથી કોઈ મુદામાલ કબજે કરેલ નથી.આ સિવાય તેઓ બીજુ કશું જાણતા નથી. તેઓને પંચનામાની ખરી નકલ બતાવવામાં આવે છે.જેમાં સદર પંચે પોતાની સહિઓ ઓળખી બતાવે છે. જેની ખરી નકલને **આંક–૦૯** આપવામાં આવે છે.''

વળી,સદર પંચની બચાવપક્ષે કરવામા આવેલ ઉલટતપાસમા પંચે એવી હકીકતો જણાવે છે કે, ''એ વાત ખરી છે કે, પોલીસે માત્ર તેઓનું નામ સરનામું પુછેલુ. તેઓ પોલીસ સાથે કોઈ જુગારની રેડમાં ગયેલ નથી કે તેઓએ કોઈ પંચનામું પોલીસને લખાવેલ નથી.''

(બી.એચ.ભટ્ટ)
જ્યુડી. મેજી. ફ.ક.કોર્ટ,વિસાવદર

(૯). ફરીયાદપક્ષે આરોપીઓ વિરુધ્ધનું તહોમત સાબીત કરવા માટે **આંક –૧૦** થી તપાસ કરનાર અમલદાર **એ.એસ.આઈ. દીનેશભાઈ નારણભાઈ ચાંચીયાને** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની જુબાનીમાં ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ છે.તેમજ ફરીયાદ હકિકત મુજબની હકિકત જણાવેલ છે જેથી અત્રે તેનું પુનરાવર્તન કરવામાં આવેલ નથી. તેમજ સદર ગુનાની તપાસ પી.એસ.ઓ. શ્રી દવારા તેઓને સોપવામાં આવતા સાધનિક કાગળો સંભાળેલ તેમજ બનાવવાળી જગ્યાનું પંચનામું કરેલ અને આરોપી નં.ર ને અટક કરેલ.તેમજ લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલ તપાસના કામે આરોપીઓ વિરૂધ્ધ પુરતા પુરાવા જણાતા આવતા નામ.કોર્ટમા ચાર્જશીટ કરેલાનુ જણાવી આરોપીઓ ને જોયે ઓળખતા હોવાનુ જણાવેલ છે.

<u>સદર કામના તપાસ કરનાર અમલદારની બચાવપક્ષે કરવામા આવેલ ઉલટતપાસમા તેઓ એવી હકીકતો જણાવે છે </u>કે, ''એ વાત ખરી છે કે, ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી. એ વાત ખરી છે કે, સ્વતંત્ર સાહેદોના નિવેદન મળી આવેલ નથી. એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યાની આજુબાજુ ખેતરો આવેલા છે.એ વાત ખરી નથી કે,આ કામમાં ફરીયાદી મારા સહ કર્મચારી હોય તથા તપાસ કરનાર હું હોવાથી તેની ફરીયાદ અનુરૂપ ચાર્જસીટ કરેલ છે. એ વાત ખરી નથી કે, મેં ખોટી તપાસ કરેલ છે અને ખોટુ ચાર્જસીટ કરેલ છે. ''

<u>**મુદા નંબર–૧ :–**</u>

(૧૦). ફરીયાદપક્ષે રજુ થયેલ ઉપરોકત મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો ઘ્યાને લેતા ફરીયાદી, તથા ત.ક.અ.નાઓએ તેમના પુરાવાથી ફરીયાદપક્ષ ના કેસને સમર્થન આપેલ છે. પરંતુ હાલના કામે સ્વતંત્ર એવા પંચ સાહેદે

(બી.એચ.ભટ્ટ)
જયુડી. મેજી. ફ.ક.કોર્ટ,વિસાવદર

પુરાવો ધ્યાને લેવામા આવે તો સદર કામના પંચ સાહેદની જુબાનીની હકીકત મુજબ પોલીસે તૈયાર પંચનામામા સહી લીધેલી તેમ જણાવી ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતા ન હોય તેથી પંચનામું પુરવાર થતુ નથી.

(૧૧). હવે, આ કામે પડેલ પુરાવો ધ્યાને લેતા,આ કામે બનાવવાળો વિસ્તાર વિસાવદર ટેલીફોન એકસચેન્જ પાસે હોય જેથી ત્યા માણસોની અવરજવર ચાલુ હોય. જેથી એવુ અનુમાન કરી શકાય કે પોલીસને સદર કામે સ્વતંત્ર સાહેદો કે બનાવને નજરે જોનાર સાક્ષીઓ મળી આવત, પરંતુ પોલીસે આવા કોઈ સ્વતંત્ર સાહેદોના કે બનાવને નજરે જોનાર સાક્ષીઓના નિવેદનો લીધા નથી કે તપાસ કરનાર અમલદારે તેમની તપાસ દરમ્યાન કોઈ તબકકે આવા કોઈ સ્વતંત્ર સાહેદોના કે બનાવને નજરે જોનાર સાક્ષી ઓના નિવેદનો કેમ લેવાયા નથી કે તે અંગે કયા કારણો સરતપાસ કરી નથી તે નોધનીય છે.પોલીસને સદર કામે સ્વતંત્ર સાહેદો મળી આવત તેવુ અનુમાન ભુલભર્યુ ન હોવાનુ આ કોર્ટનુ પ્રામાણીક પણે માનવુ છે.તેવા સંજોગોમા પણ સદર બનાવે, પોલીસે કોઈ સ્વતંત્ર સાહેદોના કે બનાવને નજરે જોનાર સાક્ષીઓના નિવેદનો લીધા નથી. આમ ઉપરોકત જણાવેલ મુખ્ય કારણસર પણ આરોપીઓ સદર ગુનાના કામે સંડોવાયેલ છે તેવો ફરીયાદપક્ષ તેમનો કેસ સબળ રીતે પ્રસ્થાપિત કરવામા તદન નિષ્ફળ નિવડેલા છે.

વધુમા આ કામના ફરીયાદી તથા ત.ક.અ. સદર કામમા હીત ધરાવનાર પોલીસ સાહેદો છે,જેથી ફકત તેઓની જુબાની પરથી આરોપીઓ ને કસુરવાન ઠરાવી શકાય નહી,વધુમા આ સાહેદોએ તેમની જુબાનીમા ફરીયાદમા કોઈ તટસ્થ સાહેદોના નિવેદનો નોંધેલા નથી.આ કામના પંચ સાહેદોની સોગંદ ઉપરની જુબાની ધ્યાને લેવામા આવે તો પંચે ફરીયાદ

પક્ષની હકીકતોને સમર્થન આપતા નથી.આમ,આ અગ્ર કારણોસર, આરોપીઓ સદર ગુનાના કામે સંડોવાયેલ છે,તેવુ ફલિત થતુ નથી. આમ,સ્વતંત્ર સાહેદોની ગેરહાજરીમા ફરીયાદપક્ષ તેમનો કેસ સબળ રીતે પ્રસ્થાપિત કરવામા તદન નિષ્ફળ નિવડેલ છે. આમ, મૌખીક તથા દસ્તાવેજી પુરાવો જોતા પણ આરોપીઓ ઉપરોકત દર્શાવેલ તારીખે, સમયે અને સ્થળે મુદા નં.૧ મા જણાવ્યા પ્રમાણેની વિગતવાર હકીકતોને તથા મહત્વના તત્વોને સાબિત કરવામા તદન નિષ્ફળ નિવડેલ છે.

(૧૨). ફરીયાદપક્ષે તેનો કેસ સબળ અને વિશ્વસનીય પુરાવાથી પુરવાર કરવાનો હોય છે. જયારે ફરીયાદપક્ષના કેસમા વ્યાજબી શંકા ઉપસ્થિત થતી હોય તો તેનો લાભ આરોપીપક્ષને આપવાનો હોય છે. ફરીયાદ પક્ષે જે મુજબ આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપ કરેલો હોય તે અંગેનો પુરાવો પુરો પાડવાની જવાબદારી ફરીયાદપક્ષની છે અને તે કેસના કોઈ પણ તબકકે ઓછી થતી નથી. ફોજદારી પ્રંક્રિયાનો પ્રારંભ આરોપીઓ નિર્દોષ છે તેવા અનુમાન સાથે કરવામા આવે છે, સાથે બચાવપક્ષ તરફથી વિશિષ્ટ પ્રકારનો બચાવ લેવામા આવેલ ન હોય. તેવા સંજોગોમા સાહેદ સોગંદ ઉપર સત્ય હકીકત જણાવે છે તેવુ અનુમાન પણ હાલના તબકકે અદાલતે કરવાનુ હોય છે, તે પણ નોંધવુ જરૂરી છે.

(૧૩). આમ, આ કામનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા આ કામના ફરીયાદીએ આરોપીઓ વિરૂધ્ધ જે ફરિયાદ આપી છે. તે મુજબ આરોપીઓ એ ગુનો કરેલ હોવાની હકીકત સ્પષ્ટ થતી નથી અને ફરીયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે સાબિત કરવામાં સફળ રહેલ ન હોવાનું આ અદાલત

નું સ્પષ્ટ માનવું છે. આમ, આ કેસના સમગ્ર સંજોગોને લક્ષ્યમા રાખતા આ કામના આરોપીઓએ તા.૦૫/૦૧/૨૦૨૬ ના રોજ કલાક ૧૬/૪૦ વાગ્યે વિસાવદર ટેલીફોન એકસચેન્જ પાસે જાહેરમાં વરલી મટકાના આંક લખી પૈસાની હાર જીત કરી આંક ફરકનો જુગાર રમી રમડતા રોકડ રકમ રૂ.૯૦૦/- તથા વરલી મટકાના જુગારના સાહિત્યની ચીઠઠી તથા એબ બોલપેન કિં.રૂા.૦૦/૦૦ એમ મળી કુલ કિંમત રૂા.૯૦૦/-ના મુદામાલ સાથે આરોપીઓ રેઈડ દરમ્યાન પકડાઈ જઈ જુગાર ધારાની કલમ ૧૨ મુજબનો શિક્ષાપાત્ર ગુનાની હકીકત ફરીયાદપક્ષ પુરવાર કરવામા નિષ્ફળ નિવડેલ છે. જેથી ઉપર ચર્ચા કર્યા મુજબ ફરીયાદપક્ષ આરોપીઓ સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરેલ ન હોય, ઉપરોકત મુદા નં.૧ પરત્વે મારો નિર્ણય " **નકારમા** " આપી મુદા નં. ૨ પરત્વે આખરી હુકમ નીચે મુજબ કરવામા આવે છે.

## // આખરી હુકમ //

**૧.** આ કામના આરોપી નં.(૧)ભીખાલાલ વ્રજલાલ ખીરૈયા તથા આરોપી નં (૨)મહેબુબભાઈ સીદીભાઈ મુલતાની વાળા નાઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ ૨૭૧(૧) અન્વયે જુગારધારાની કલમ ૧૨ (અ) મુજબના શિક્ષાપાત્ર ગુના અંગેના તહોમતમાંથી પુરતા પુરાવાના અભાવે **નિર્દોષ** ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** કબજે કરવામાં આવેલ મુદ્દામાલ રોકડ રકમ જુદા જુદા દરની ભારતીય ચલણી નોટો મળી રૂા.૯૦૦/-ને અપીલ સમય બાદ શ્રી સરકાર ખાતે ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(બી.એચ.ભટ્ટ)
જયુડી. મેજી. ફ.ક.કોર્ટ,વિસાવદર

૩. તેમજ મુદામાલ પાવતીમાં જણાવ્યા મુજબનું જુગારને લગતું સાહિત્યનો નિયમોનુસાર અપીલ સમય વિત્યે ધારા–ધોરણસર યોગ્ય નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૪. ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ ૪૮૧ અન્વયે આરોપીઓ જામીન તથા જાત મુચરકા અપીલના સમય માટે લંબાવી આપવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપીઓ પાસે જામીનદાર ઉપલબ્ધ ન હોય તો આરોપીઓએ અપીલના સમય માટે રૂા. ૫,૦૦૦/– ના નવા જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ **૧૮** મી માહે **જુલાઈ** સને–**૨૦૨૬** નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહિ કરી જાહેર કર્યો.

તારીખ:–૧૮/૦૭/૨૦૨૬
વિસાવદર

**(ભાવિક હિતેનભાઈ ભટ્ટ)**
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
વિસાવદર.
(જજ કોડ–જી જે ૦૧૫૨૨)

**(બી.એચ.ભટ્ટ)**
**જયુડી. મેજી. ફ.ક.કોર્ટ,વિસાવદર**